# ગોપાલા પોલિપ્લાસ્ટ લિમિટેડ

રજી. ઓફિસ : ૪૮૫, સાંતેજ વડસર રોડ, સાંતેજ, તાલુકા કલોલ, સાંતેજ, ગુજરાત-૩૮૨૭૨૧
CIN : L25200GJ1984PLCO50560
ઈમેલ : hdpeaccounts@gopalapolyplast.com
વેબ સાઈટ : www.gopalapolyplast.com

**31 મી વાર્ષિક સામાન્ય સભા અને બૂક ક્લોઝરની નોટિસ**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની 31મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બુધવાર, 30 સપ્ટેમ્બર, 2015 ના રોજ સવારે 11 વાગે, પ્લોટ નં. 485, સાંતેજ વડસર રોડ, સાંતેજ, તાલુકા : કલોલ, જિ. ગાંધીનગર-382721 ખાતે યોજવામાં આવશે. તે સભામાં સામાન્ય અને ખાસ પ્રકારના કામકાજ કરવા અંગેની સૂચના જેમાં દૂરસ્થ ઈ-વોટિંગ માટેના સૂચનો, 31 માર્ચ, 2015 સુધીનું સરવૈયું તેમજ તે તારીખે પૂરા થતા વર્ષના નફા અને નુકસાનનો અહેવાલ, વિશેષમાં વિગતવાર નોંધપત્રક તેમજ બોર્ડ ઑફ ડિરેક્ટર્સ અને ઓડિટર્સના રિપોર્ટ્સ, અટેન્ડન્સ સ્લીપ, પ્રોક્સી ફોર્મ માન્ય માધ્યમો દ્વારા સભ્યોને તેમના રજિસ્ટર્ડ સરનામા / ઈ-મેઈલ આઈડી પર મોકલવામાં આવ્યા છે અને તેની રવાનગી તારીખ 4 સપ્ટેમ્બર 2015 ના રોજ પૂર્ણ કરવામાં આવી છે.

સભ્યોને આથી જણાવવામાં આવે છે કે કંપનીની 31 મી એજીએમની નોટિસ અને કંપનીનો 31 મો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ **www.gopalapolyplast.com** પર ઉપલબ્ધ રહેશે અને નિરીક્ષણ માટે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર પણ કંપનીના કામકાજના કલાકો દરમ્યાન તમામ કામકાજના દિવસોએ ઉપલબ્ધ રહેશે.

31 મી એજીએમની નોટિસમાં નિર્દિષ્ટ કર્યા મુજબ જે સભ્યો કટ ઑફ તારીખ 23 સપ્ટેમ્બર 2015ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા તો ડિમેટ સ્વરૂપમાં શેરો ધરાવતા હશે તેઓ સામાન્ય અને ખાસ કામકાજ પર ઈલેક્ટ્રોનિક મતદાન કરી શકે છે. દુરસ્થ ઈ-વોટિંગ રવિવાર 27 સપ્ટેમ્બર, 2015 (સવારે 9:00 વાગે) શરૂ થશે અને મંગળવાર 29 મી સપ્ટેમ્બર, 2015 (સાંજે 5:00 વાગે) બંધ થશે. આ ઈ-વોટિંગ મોડ્યુલ ત્યારબાદ સીડીએસએલ દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે અને સભ્યો જણાવેલ તારીખ અને સમય બહાર ઈલેક્ટ્રોનિક મતદાન કરી શકશે નહિ. એક વાર ઠરાવ પર શેરહોલ્ડર દ્વારા મત આપી દેવામાં આવશે. ત્યારબાદ શેર હોલ્ડરને તેને બદલવા માટે મંજૂરી આપવામાં આવશે નહિં.

કોઈપણ વ્યક્તિ કે જેણે વાર્ષિક અહેવાલ અને એજીએમ નોટીસની રવાનગી બાદ શેર હસ્તગત કર્યા હશે અને કટ ઑફ તારીખે તે શેર ધરાવતા હશે, તેઓ **helpdesk.evoting@cdslindia.com** પર એક વિનંતી મોકલીને લૉગિન આઈડી પાસવર્ડ મેળવી શકશે. વાર્ષિક સભામાં હાજર સભ્યો કે જેઓએ પહેલેથી દૂરસ્થ ઈ-વોટિંગ દ્વારા મતદાન કરેલ ન હોય, તેઓ પોલ પેપર દ્વારા પોતાનો મત આપી શકશે. જે એજીએમમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આથી એ પણ સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, 2013 ની કલમ 91 મુજબ, સભ્યોનું પત્રક અને કંપનીની શેર ટ્રાન્સફર બુક્સ વાર્ષિક ક્લોઝીંગ અને વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે, તારીખ 23 સપ્ટેમ્બર, 2015 થી તારીખ 30 સપ્ટેમ્બર 2015 સુધી (બંને દિવસ સહિત) બંધ રહેશે.

કોઈપણ પૂછપરછ અથવા દૂરસ્થ ઈ-વોટિંગ સાથે જોડાયેલ ફરિયાદ અંગે સભ્યો કુ. આનલ દેસાઈ, કંપની સેક્રેટરીને કંપનીની રજીસ્ટર્ડ ઓફિસના સરનામે લખી શકે છે અથવા **hdpeaccounts@gopalapolyplast.com** પર ઈ-મેઈલ કરી શકે છે. આ ઉપરાંત પ્રશ્નો **helpdesk.evoting@cdslindia.com** પર પણ મોકલી શકાય છે.

બોર્ડ હુકમ દ્વારા
ગોપાલા પોલિપ્લાસ્ટ લિમિટેડ વતી,
**Sd/-**
મનોજ સોમાણી
મેનેજિંગ ડિરેક્ટર

તારીખ : 5 સપ્ટેમ્બર, 2015
સ્થળ : **Santej**
**DIN : 00119021**